

Gujarat Board

# QUESTION PAPER

Gujarat Secondary and Higher Secondary Education Board Previous Year Question Papers

aglasem.com



*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

Sl.No.

# 01 (G)

**(MARCH, 2024)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.

2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 56 પ્રશ્નો છે.

3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.

4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.

6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ – A [20]

અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [4]

| (અ) પાત્ર | (બ) કૃતિ |
|---|---|
| 1) ફોરમ | (અ) જન્મોત્સવ |
| 2) ગોવિંદ | (બ) ભૂલી ગયા પછી |
| 3) આંબા પટેલ | (ક) ચોપડાની ઈન્દ્રજાળ |
| 4) આશેક | (ડ) ઘોડીની સ્વામીભક્તિ |
| | (ઈ) રેસનો ઘોડો |



schools.aglasem.com
aglasem.com

**૫) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [4]

5) નરેને ..... તાલીમ મેળવી હતી.

(ઘોડેસવારીની, વનસંરક્ષણની, પોલીસની)

6) "આપણી બબલીની જ પગલી જાણે!" આ વાક્ય ..... બોલે છે.

(સ્ટેશન માસ્તર, કુંગર, કુંગરની પત્ની)

7) ..... ના કારણે સાગનાં ઝાડ શણગારેલાં લાગે છે.

(લાઈટ, આગિયા, બીજાં વૃક્ષો)

8) મનુષ્યદેહ ..... ના જેવો છે.

(છાશ, દૂધ, ઘી)

**૬) નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [2]

9) આંબા પટેલની ઘોડીની ચાલ કેવી હતી?

10) અંકિતને પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની ખુશીમાં કયાં પુસ્તકો ભેટમાં મળ્યાં હતાં?

**૭) નીચે આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** [4]

11) લેખકે છત્રી ખોવાય ન જાય એ માટે કઈ સલાહ અમલમાં મૂકી?

12) કુંગરે તેની પત્ની પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા શું કહ્યું?

13) લેખક કોને ક્રૂર કટાક્ષ ગણાવે છે? કેમ?



schools.aglasem.com aglasem.com

ઈ) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે) [6]

14) 'આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે.' આ વિધાન વિગતે સમજાવો.

15) માનવ અને પ્રાણીની પરસ્પર પ્રીત 'ઘોડીની સ્વામીભક્તિ' પાઠને આધારે વર્ણવો.

16) 'ચોપડાની ઈન્દ્રજાળ' પાઠમાં રાતો ચોપડો ફાડી નાખવા પાછળ ભીખલાનું મનોમંથન કેવું હતું?

## વિભાગ - B [20]

અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [4]

| (અ) કૃતિ | (બ) સાહિત્ય પ્રકાર |
|---|---|
| 17) ચાંદલિયો | (અ) સોનેટ |
| 18) દીકરી | (બ) લોકગીત |
| 19) વતનથી વિદાય થતાં | (ક) ગઝલ |
| 20) વૈષ્ણવજન | (ડ) ભજન |
| | (ઈ) પદ |

બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [4]

21) કવિ ..... ના ઊડતા આવવાની ઈચ્છા વ્યક્ત કરે છે.

(મોરપિચ્છ, પક્ષીઓ, મારગની ધૂળ)

22) ''શીલવંત સાધુ'' નો અર્થ ..... થાય.

(ચારિત્ર્યવાન, શરમાળ, નારાજવંત)

23) સ્વજન સુધી ..... લઈ જશે.

(મિત્રો, ઈશ્વર, દુશ્મનો)

24) ..... બનવું દુર્લભ છે.

(કુલદીપક, દેશદીપક, મહાન)

schools.aglasem.com



aglasem.com

**૪) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [2]

25) પંખીને પામવા કવિ શું કરવાનું કહે છે?

26) કવિ કયા વૃક્ષની નીચે બેઠા હતા?

**૫) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** [4]

27) કવિ રાજેન્દ્ર શાહ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે?

28) સત્યના આયુધની કઈ વિશેષતા છે?

29) 'દીકરીના માથે હાથ ફેરવવો' અને 'દીકરી હાથ દે' એ બેમાં શો તફાવત છે?

**૬) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** [6]

30) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ પોતે ગુજરાતી હોવાનું ગૌરવ કયાં-કયાં કારણોસર અનુભવે છે?

31) 'વૈષ્ણવજન' પદનાં આધારે વૈષ્ણવજનનાં લક્ષણો જણાવો.

32) વતનથી વિદાય થતાં કવિએ અનુભવેલી વેદનાનું વર્ણન કરો.

## વિભાગ – C [20]

**• આજ્ઞા પ્રમાણે ઉત્તર લખો.**

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

33) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો. [1]

- પ્રતીબિંબ (પ્રતીબીંબ, પ્રતિબિંબ, પ્રતીબિંબ)
- ગીરી (ગીરિ, ગિરિ, ગિરી)

34) 'પો + અન' - શબ્દની સાચી સંધિ જોડો. [1]

(પાવન, પવન, પાવક)



schools.aglasem.com
aglasem.com

35) 'દાવપેચ' શબ્દનો સમાસ ઓળખાવો. [1]

(દ્વન્દ્વ સમાસ, ઉપપદ સમાસ, કર્મધારય સમાસ)

36) નીચે આપેલ બંને શબ્દના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો. [1]

ખાપ (ખોટ, નકો, ધંધો)

ખાદ્ય (અનાજ, ખભો, દાણો)

37) ''માણેકના કરુણ ચિત્કારે તેમનો પીછો પકડ્યો'' વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. [1]

(સજીવારોપણ, ઉત્પ્રેક્ષા, ઉપમા)

38) 'સામાજિક' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે તે જણાવો. [1]

(પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એકપણ નહિ)

39) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [1]

- ઉજ્જડ (વેરાન, ખાલી, ભયંકર)
- ગિરા (વાણી, પડવું, ગીત)

40) 'લાચારી' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર શોધીને લખો. [1]

(જાતિવાચક, વ્યક્તિવાચક, ભાવવાચક)



schools.aglasem.com
aglasem.com

• **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

41) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ જણાવો. [1]

- નવ નેજાં પડવાં.

42) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. [1]

- બાંધી મૂઠી લાખની.

43) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. [1]

- જેને કોઈ રોગ નથી.

44) નીચેના શબ્દ માટે વિરોધી શબ્દ લખો. [1]

- સ્થૂળ

45) નીચેના વાક્યને કર્મણિમાં ફેરવો. [1]

- પોલીસે ચોરને પકડ્યો.

46) નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ લખો. [1]

- હેર

47) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

- શીલવંત સાધુને વારે વારે નમીએ.

48) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [1]

- ખીચડી મને બહુ ભાવે નહીં.

schools.aglasem.com

 aglasem.com

49) 'તૃષ્ણા' શબ્દના ધ્વનિઘટકો (સ્વર અને વ્યંજન) છૂટા પાડો. [1]

50) નીચેના વાક્યનું પ્રેરક વાક્યમાં રૂપાંતર કરો. [1]

- રીંછના હુમલામાંથી એક સુરતી કુટુંબ બચ્યું.

51) નીચેની પંક્તિમાં રહેલો છંદ ઓળખાવો. [1]

લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.

52) 'મલનતતગાગા' કયા છંદનું બંધારણ છે? [1]

## વિભાગ – D [20]

53) **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** [4]

સૌન્દર્યો વેડફી દેતાં ના ના સુન્દરતા મળે;

સૌન્દર્યો પામતાં પહેલાં સૌન્દર્ય બનવું પડે.

અથવા

મનવા પર ઘર પહોંચીને દુઃખ ન કહીએ રોઈ,

માન ગુમાવીએ આપણું, વહેંચી ન લેતું કોઈ.

54) તમારી શાળામાં યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. [4]



schools.aglasem.com
aglasem.com

55) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]

'વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય એ છે કે કોઈક બીજાએ ઘડીને તૈયાર રાખેલા વિચારોને ન સ્વીકારવા પણ નમ્રભાવે જિજ્ઞાસાવૃત્તિ કેળવવી. જુદાં જુદાં મૂલ્યો અર્થાત આદર્શો તથા જિજ્ઞાસાવૃત્તિ કેળવવી. જુદાં જુદાં મૂલ્યો અર્થાત આદર્શો તથા ભાવનાઓની તુલના કરી જોવાની ટેવ તેણે પાડવી જોઈએ. તેણે આવેશને આધીન નથી આંધળું, અવિચારી વર્તન ન કરવા જેટલું સંકલ્પબળ મેળવવું જોઈએ. પછી ભલે ને એ આવેશ જેને અંગે પેદા થયો હોય તે કાર્ય ગમે તેટલું મહાન હોય! પોતાને મળેલો રાષ્ટ્રીય વારસો જે મહાન પરંપરાઓ, ઉત્તુંગ ઉદાહરણો અને ઉદાત્ત સિદ્ધિઓથી ભરેલો છે તે સર્વને તેણે પોતાના જીવનમાં ઉતારી આત્મસાત કરવો. રહ્યો. બીજી પ્રજાઓ કરતાં આપણે હલકા છીએ તેની લાગણીનો જે ઓથાર આ ભૂમિને ચાંપી રહ્યો છે તેને હટાવીને વિદ્યાર્થીએ આર્ય સંસ્કૃતિનાં ઉત્તમ તત્ત્વોને પ્રકાશની પેઠે ચોમેર ફેલાવનારું કેન્દ્ર બનવું જોઈએ.

56) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]

- આપણા વડવૈયા બાંધવ આપણે.

મુદ્દા : પ્રસ્તાવના - મનુષ્ય પોતે પોતાનો ભાગ્ય વિધાતા - પુરુષાર્થનો મહિમા - પુરુષાર્થના ફાયદા - પુરુષાર્થનું ફળ - પુરુષાર્થ પરમ સુખની ચાવી - ઉપસંહાર.

અથવા

- મારો યાદગાર પ્રવાસ

મુદ્દા : પ્રસ્તાવના - પ્રવાસનું સ્થળ - વર્ણન - સંસ્મરણો - જીવનમાં પ્રવાસનું મહત્ત્વ - ઉપસંહાર.

અથવા

- દીકરી ઘરની દીવડી

મુદ્દા : પ્રસ્તાવના - દીકરીનો અવતાર - દીકરા-દીકરીમાં ભેદ - દીકરીઓ પ્રત્યે બદલાતું સમાજનું વલણ - સમાજમાં દીકરીઓને અપાયેલા હક - વિવિધ ક્ષેત્રે દીકરીઓની ભૂમિકા - ઉપસંહાર.

♦♦♦♦

schools.aglasem.com



AglaSem Earn while Learn Program. Send your papers and get paid.
Contact: support@aglasem.com
aglasem.com

# QUESTION PAPERS

GET PREVIOUS YEAR QUESTION PAPERS FOR ALL CLASSES FOR CBSE, ISCSE, ISC AND ALL ALL STATE BOARDS HERE AT AGLASEM.COM

BOARD WISE

- Andhra Pradesh Board Question Papers
- Assam Board Question Papers
- Bihar Board Question Papers
- Chhattisgarh Board Question Papers
- Goa Board Question Papers
- Gujarat Board Question Papers
- Haryana Board Question Papers
- Himachal Pradesh Board Question Papers
- J&K State Board Question Papers
- Jharkhand Board Question Papers
- Karnataka Board Question Papers
- Kerala Board Question Papers
- Madhya Pradesh Board Question Papers
- Maharashtra State Board Question Papers
- Manipur Board Question Papers
- Meghalaya Board Question Papers
- Mizoram Board Question Papers
- Nagaland Board Question Papers
- Orissa Board Question Papers
- Punjab Board Question Papers
- Rajasthan Board Question Papers
- Tamil Nadu Board Question Papers
- Telangana State Board Question Papers
- Tripura Board Question Papers
- Uttarakhand Board Question Papers
- Uttar Pradesh (UP) Board Question Papers
- West Bengal (WB) Board Question Papers